| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/2023 |
| PAGE : | 1 |

### EDII ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે,

# વર્ષો સુધી યુવાનોને ડિગ્રી મળે તેવું શિક્ષણ મળ્યું પણ જીવન ઉપયોગી માર્ગદર્શન ન આપી શકાયું

## આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના ૪૦ વર્ષ પૂર્ણ થતા રુબીજયંતીની ઉજવણી કરવામાં આવી

સિટી લાઇફ । ગાંધીનગરમાં ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન- આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા(EDII)ની સ્થાપનાનાં ૪૦ વર્ષ-રુબીજયંતી સમારોહની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સોને કી ચીડિયા તરીકેની ભારતની ઓળખ તેની ઉદ્યમિતા-ઉદ્યોગ સાહસિકતાને કારણે હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટ અપ્સ અને મેક ઈન ઈન્ડિયા જેવી પહેલથી દેશના યુવાનોને જાગૃત કર્યા, તેમની પ્રતિભાને પાંગરવાનો અવસર આપ્યો. હતોત્સાહિત યુવાનોને પ્રોત્સાહિત કર્યા. પરિણામે આવનારા વર્ષોમાં ઈનોવેશન ક્ષેત્રે બહુ મોટી ક્રાંતિ થશે. ભારત વિશ્વગુરુ બનશે અને ફરીથી 'સોને કી ચીડિયા' બનશે. આઝાદી પછી અનેક વર્ષો સુધી યુવાનોને માત્ર ડિગ્રી મળે એવું શિક્ષણ મળ્યું, પણ જીવન ઉપયોગી માર્ગદર્શન ન આપી શકાયું. પરિણામ એ આવ્યું કે, ડિગ્રીધારી યુવાનો વધ્યા પણ કૌશલ્ય નિર્માણ ન થયું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રથા પ્રત્યે ગંભીરતાથી વિચારીને તેને જાકારો આપ્યો અને જીવન પદ્ધતિ સુખમય બને એ હેતુથી કૌશલ્ય નિર્માણ જેવા ઉપાયો આપ્યા.

## આ દેશના યુવાનો કૌશલ્ય શબ્દ ભૂલી ગયા હતા




રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, સામાન્ય પુરુષો અન્ય કોઈએ નિર્મિત કરેલા માર્ગે જીવનભર ચાલ્યા કરે છે. જ્યારે મહાપુરુષો પોતાના નવા માર્ગો જાતે કંડારે છે અને અન્ય લોકોને પોતે દાખવેલા માર્ગે ચાલવાની ફરજ પડે એવી સ્થિતિનું નિર્માણ કરે છે. આ દેશના યુવાનો 'કૌશલ્ય' શબ્દ ભૂલી ગયા હતા, ત્યારે ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાને યુવાનોની સર્જનશીલતા અને ક્ષમતાનો પરિચય કરાવીને ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતી યુવાનો નોકરી કરનાર નહીં નોકરીઓ આપનાર રહ્યા છે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાનના ૪૦ વર્ષોની યાત્રાની ઝાંખી કરાવતી કોફી ટેબલ બુકનું વિમોચન પણ કર્યું હતું.

અજય મોદીનાં
ચારધામ
૧૨ દિવસ Ex. દિલ્હી
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન
MAY : 15-17-19
JUNE : 2-
અજય મોદી